# મૌરિટેનિયા: પૃથ્વી પર જો ક્યાંય નરક હોય તો તે અહીંયા જ છે, અહીંયા જ છે



આ ૧૨ માર્ચે એક સમાચાર આવ્યા. બૌબાકાર ઓઉલ્દ મસૂદ નામના માનવ અધિકાર ચળવળકારનું ૮૦ વર્ષની વયે મૃત્યુ થયું. સમાચારમાં વધુ ઊંડા ઊતરતા જાણવા મળ્યું કે બૌબાકાર ઓઉલ્દ મસૂદ તેમના વતન દેશ મૌરિટેનિયામાં દાસતા એટલે કે ગુલામીની પ્રથા માટે લડતા હતા.

આ વાત સાંભળીને ચોંકી ઊઠાયું. દાસતાની પ્રથા? મૌરિટેનિયામાં હજુ પણ દાસતા છે. તો જાણવા મળ્યું કે હા. છે. તો ચાલો, આ દેશમાં દાસતાની પ્રથા કેમ છે તે જાણીએ.

મૌરિટેનિયા એ વાયવ્ય (ઉત્તર-પશ્ચિમ) આફ્રિકામાં આવેલો દેશ છે. તેનું પ્રાચીન નામ મઘરેબ હતું. સાતમી સદીના ઉત્તરાર્ધમાં આ દેશ પર આરબ મુસ્લિમોએ આક્રમણ કરતાં આ દેશ ઇસ્લામિક બની ગયો. ઇસ્લામની સાથે ત્યાં અરેબિક ભાષા અને દાસ પ્રથા જેવી વિકૃતિ પણ આવી. એમ તો ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં આ દેશ ફ્રાન્સનું સંસ્થાન બની ગયો, પરંતુ ફ્રાન્સની સંસ્કૃતિનો ખાસ પ્રભાવ તેના પર પડ્યો નહીં. ૧૯૬૦માં આ દેશ સ્વતંત્ર થયો. તે પછી આ દેશ સતત અસ્થિરતાનો ભોગ બનતો રહ્યો છે. ત્યાં સેનાના વિદ્રોહ સામાન્ય વાત છે અને સેનાના અધિકારીઓનું રાજ આવતું રહ્યું છે. ત્યાં કુદરતી સંસાધનો વિપુલ છે તેમ છતાં આ દેશ ગરીબ છે. કારણ એ જ કટ્ટરતા, ભ્રષ્ટાચાર.

ફ્રાન્સના પ્રશાસકોએ મૌરિટેનિયામાં દાસતા પર પ્રતિબંધ તો મૂક્યો પરંતુ તેને નિયંત્રણમાં લેવા કોઈ કડક પગલાં ન લીધાં. નવાઈ લાગશે પરંતુ જ્યારે ફ્રાન્સથી ઈ. સ. ૧૯૬૦માં સ્વતંત્ર થયેલા મૌરિટેનિયાએ ઈ. સ. ૧૯૮૧માં દાસતા પર પ્રતિબંધ મૂક્યો ત્યારે આવું કરનાર તે વિશ્વનો છેલ્લો દેશ હતો.

જો કે આ પ્રતિબંધ પણ કાગળ પરનો જ હતો કારણ કે તેના ચુસ્ત ક્રિયાન્વયન માટે કોઈ અપરાધિક (ક્રિમિનલ) કાયદા તો બનાવ્યા નહોતા એટલે કે દણ્ડ શું કરે? ૨૦૧૮ના ગ્લોબલ સ્લેવરી ઇન્ડેક્સ મુજબ, મૌરિટેનિયામાં ૯૦,૦૦૦ દાસ એટલે કે ગુલામો છે. બીબીસીનો ૨૦૧૭માં દાવો એવો છે કે છ લાખ લોકો હજુ પણ દાસ તરીકે જીવે છે.

મૌરિટેનિયામાં દાસ પ્રથા આવી ઇસ્લામિક આક્રમણ સાથે. ઇસ્લામમાં અ-મુસ્લિમોને યુદ્ધમાં પકડ્યા હોય તો તેમને દાસ બનાવી શકાય છે. વળી, મૌરિટેનિયામાં સુન્ની મુસ્લિમોનું આધિપત્ય છે, તેમાંય સુન્નીના માલિકી ફિરકાનું. માલિકી ફિરકાના મુસ્લિમો ગુલામીને ઉચિત ગણાવે છે. તેઓ માને છે કે હવે દાસ ન રહ્યા હોય તેવા લોકો પણ તેમના જેવા પૂર્ણ અથવા સમાન નાગરિક નથી. તેઓ ઈમામ બની ન શકે.



આ દેશમાં આક્રમણકારી ગોરા રંગના આરબ (જેને બર્બર જાતિના પણ કહેવાય છે)ને નોકરી અને સરકારમાં ઊંચું સ્થાન મળે છે. જ્યારે અશ્વેત હેરેટિન અને આફ્રો મૌરેટેનિયાઈ (એટલે કે સાચા નિવાસી)ને નોકરી

**મૌરિટેનિયા પર આરબોના આક્રમણ સાથે ગુલામીની પ્રથા આવી. આ પ્રથા પેઢીગત ચાલી આવે છે. ઈ. સ. ૧૯૮૧માં સરકારે તેના પર પ્રતિબંધ કાગળ પર તો મૂક્યો પરંતુ તેનો યથાર્થ અમલ નથી. ઊલટું ગુલામો માને છે કે તેમણે ગુલામી કરવી જોઈએ કારણકે માલિકો તેમના કરતાં ઊંચી જાતિના છે**

અને સરકારમાં ઓછું સ્થાન મળે છે. સમાજમાં પણ તેમની સાથે ભેદભાવ થાય છે. તેમને શિક્ષણ નથી મળતું અને સારાં કામધંધા કે ખાનગી નોકરી પણ નથી મળતી. આ હેરેટિન એવા છે જેમણે આરબોના આક્રમણ છતાં

**અબીલ ગુલાલ**
જયવંત પંડ્યા

ઇસ્લામ નથી અપનાવ્યો! કદાચ એટલે જ તેમની આ સ્થિતિ છે.

આથી આરબો જેને ગંદું અથવા નિમ્ન સ્તરનું કામ માને છે તેવાં કામો હેરેટિનોને કરવાં પડે છે. હેરેટિનો કસાઈ તરીકે અથવા કચરો વીણનારા તરીકે કામ કરે છે. એટલે કે કાં દાસ તરીકે કામ કરો અથવા આવાં ગંદાં અથવા નિમ્ન સ્તરનાં કામો કરો તેવું હેરેટિનોનું દુર્ભાગ્ય છે.

મૌરિટેનિયામાં દાસ-દાસીઓને તેમના સ્વામી (માલિક)ની સંપૂર્ણ સંપત્તિ માનવામાં આવે છે. આથી દાસ-દાસીઓને રીતસર ખરીદ અને વેચવામાં આવે છે. તેના વિડિયો પણ સોશ્યલ મીડિયા પર પ્રાપ્ય છે. એટલું જ નહીં, દાસ-દાસીઓને ભાડે પણ આપી શકાય છે. એટલે કે માનો કે રહેમાનને જરૂર હોય તો અબ્દુલ પોતાનો દાસ કે દાસી ભાડું લઈને તેને આપી શકે. આ ઉપરાંત દાસ-દાસીઓને ભેટમાં પણ આપી શકાય છે ! એટલે કે તેમના માટે આ દાસ-દાસી માનવ નથી, પણ એક ચીજ (કોમોડિટી) છે. દાસ-દાસી પ્રથા વંશાનુગત છે અને એક જ પરિવારમાં તેઓ સતત દાસતા કરતા રહે છે. એટલે કે માનો કે કોઈ શૈખ મોહમ્મદના પરિવારમાં એક દાસ કે દાસી હોય તો તેનાં સંતાનો અને તેનાં સંતાનો એમ પેઢી પ્રતિ પેઢીએ દાસતા ચાલી આવે છે.


તેમને સાંકળે બાંધી રાખવામાં નથી આવતા પરંતુ માનસિક રીતે ડર ઘૂસી ગયો છે અને આર્થિક કારણોના લીધે તેઓ દાસતા કરે છે. તેમને નાનપણથી જ શીખવવામાં આવે છે કે દાસતા સામે પ્રશ્ન ઉઠાવવો એ ઇસ્લામ વિરુદ્ધ છે.

દા. ત. ૨૦૧૨માં મોક્ટાર નામનો એક ગુલામ ગમે તેમ કરીને છટકી ગયો અને તેણે પોતાની માતા અને ભાઈને પણ તેમાંથી છોડાવવા પ્રયત્ન કર્યા પરંતુ તેમણે તેની સાથે જવા ના પાડી દીધી. ઊલટું, માતાએ તો મોક્ટાર સામે જ નિવેદન આપ્યું, “જ્યારે હું નાની હતી ત્યારે મારી માતા મને દર રાત્રે કહેતી કે આપણે આપણા માલિકોનું સન્માન કરવું જોઈએ કારણ કે તેમની જાતિ આપણાથી ઊંચી છે. તેઓ સંત છે.”

વળી, તેમને કૌશલ્યવાળી નોકરી મળે તે પ્રકારના શિક્ષણથી પણ વંચિત રાખવામાં આવે છે. ગુલામડીઓની દશા તો ગુલામો કરતાં વધુ કફોડી હોય છે કારણ કે માલિકો તેમનું જાતીય શોષણ કરે તો પણ કંઈ બોલી શકતી નથી.

દા. ત. મબરુકાને તેની માતા, જે પોતે પણ ગુલામડી હતી, તેની પાસેથી લઈ લેવામાં આવી હતી, તે ૧૧ વર્ષની હતી ત્યારથી તેના માલિકો માટે રસોઈ બનાવે છે. તે રાંધતી વખતે ડાબા હાથે બહુ જ દાઝી ગઈ હતી. તેનું સદ્ભાગ્ય હતું કે તેને ચૌદ વર્ષની વયે મુક્ત કરાવી લેવાઈ, પરંતુ તેનાથી તેનું ભાગ્ય બદલાયું નહીં. તે શાળાએ તો ન જઈ શકી અને સોળ વર્ષે પરણાવી દેવાઈ. તે બે સંતાનોની માતા બની ગઈ.

મૌરિટેનિયામાં દાસ પ્રથા વિરુદ્ધ લડનારાની દશા બહુ જ ખરાબ છે. તેમને યાતના આપવામાં આવે છે, લાંબા ગાળા સુધી જેલવાસ સહન કરવો પડે છે, સરકાર તેમના પર કોઈ ને કોઈ તવાઈ લાવતી રહે છે. કાશ્મીર માટે એમ કહેવાતું હતું કે પૃથ્વી પર જો ક્યાંય સ્વર્ગ હોય તો તે અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે, તેમ મૌરિટેનિયા માટે કહી શકાય કે પૃથ્વી પર જો ક્યાંય નરક હોય તો તે અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે.



# આ તે વરદાન કે વરદાનના પડીકામાં અભિશાપ?

આપણી આસપાસ નાના મોટા અનેક એપસ્ટીનો નથી શું? મને લાગે છે કે ભલે એમની કરતૂતો બહાર ના આવે પણ એમની હયાતી નકારી શકાય તેમ નથી. દારૂબંધીનો કાયદો લાવવાથી લોકો દારૂ પીવાનું છોડી દેતા નથી એમ વેશ્યાવૃત્તિ પર નિયંત્રણ લાદવાથી એ અટકી જતી નથી.ગોપનીય રાખવાથી ઊલટાનું એનું આકર્ષણ વધતું હોય છે.યૌનશોષણ એ ઉત્ક્રાંતિ સાથે વિકસેલી મનોવૃત્તિ છે.એના સમાચાર હેડલાઇન્સ બનતા રહ્યા છે.થોડા વખતથી એકાએક જ્વાળામુખી ફાટયો હોય એમ એપસ્ટીનનું ભૂત ધૂણવા લાગ્યું છે અને આખી દુનિયાની સેલિબ્રિટીઝ ફરતે ભરડો લઈ રહ્યું છે. બધા એમ માની રહ્યા હતા કે ફૂટશે ત્યારે બધો દારૂગોળો એક સાથે ફૂટશે અને આખી દુનિયામાં હાહાકાર મચી જશે.પણ ફાઈલો ધીમી ગતિએ ખૂલી રહી છે અને કેટલીક તો ક્યારેય નથી ખૂલવાની એનીયે પ્રતીતિ થઈ ગઈ છે. મને તો એપસ્ટીન નામના એ નસીબવંતા અમેરિકન નાગરિકની કમનસીબી પર તરસ આવે છે. જરા વિચારો: એની પાસે શું નહોતું? બલકે સુખની વ્યાખ્યામાં આવે એ તમામ ખરીખોટી ચીજવસ્તુઓ એને હાથવગી હતી. વધુ જાણીતા મહાનુભાવોની તહેનાતમાં પોતાની જાતને સમર્પિત કરી દીધા વગર પોતાની માલિકીની ગોપનીય લીલાભૂમિ પર ચુપચાપ પોતાનું સુખ પોતાના પૂરતું સીમિત રાખ્યું હોત તો એને કોણ પૂછે એમ હતું? ના તો એને અકાળે બદનામ થઈ મરવું પડ્યું હોત કે ના એણે લલચાવી મોટા ઉપાડે નોતરેલા સૌંદર્યભોગી પ્રતિષ્ઠિત મહાનુભાવોની ઇજ્જત ખરડાઈ હોત. આખરે પાપ છાપરે ચડીને પોકાર્યું. જેલમાં જવું પડ્યું. કાળ કોટડીમાં એ તો મરી ગયો અથવા માર્યો ગયો પણ સાથે કેટકેટલી જાણીતી હસ્તીઓને જીવતે જીવ મારતો ગયો! પ્રતિષ્ઠા પર પ્રશ્નચિહ્ન લાગે એટલે જીવનની બધી કમાણી ધૂળધાણી જ થઈ ગણાય.

**મહાભારતમાં જ્યારે અર્જુનના ગાંડીવનું યુધિષ્ઠિર અપમાન કરે છે ત્યારે એને એવો ગુસ્સો આવે છે કે યુધિષ્ઠિરને જાનથી મારી નાંખવાની ઇચ્છા થાય છે, એની પ્રતિજ્ઞા હતી કે કોઈ ગાંડીવનું અપમાન કરશે તો તેને પોતે જીવતો નહીં મૂકે. કૃષ્ણ એને સમજાવી દે છે: વડીલ માટે તો પોતાનાથી નાના માણસે કરેલું અપમાન એ પણ મોત જ ગણાય. તું એમને બે એલફેલ શબ્દ બોલે એ પૂરતું છે. તુંકારો કર. એ એમનો વધ કર્યો જ ગણાશે, પણ આ તો કળિયુગ છે. મહાનુભાવોને ગમે તેવાં કૌભાંડોમાંથી વકીલો હેમખેમ ઉગારી શકે છે. એપસ્ટીન ફાઈલોમાં ઘણા ધુરંધરોના ફોટા છે, એમને મોજમજા કરવા માટે પોતાના એકાંત દ્વીપમાં લાવવા લઈ જવાની વ્યવસ્થા બાબતની વાતચીત છે.**

**મનકા સિતાર**
કેશુભાઇ દેસાઇ

મહાભારતમાં જ્યારે અર્જુનના ગાંડીવનું યુધિષ્ઠિર અપમાન કરે છે ત્યારે એને એવો ગુસ્સો આવે છે કે યુધિષ્ઠિરને જાનથી મારી નાંખવાની ઇચ્છા થાય છે, એની પ્રતિજ્ઞા હતી કે કોઈ ગાંડીવનું અપમાન કરશે તો તેને પોતે જીવતો નહીં મૂકે. કૃષ્ણ એને સમજાવી દે છે: વડીલ માટે તો પોતાનાથી નાના માણસે કરેલું અપમાન એ પણ મોત જ ગણાય. તું એમને બે એલફેલ શબ્દ બોલે એ પૂરતું છે. તુંકારો કર. એ એમનો વધ કર્યો જ ગણાશે, પણ આ તો કળિયુગ છે. મહાનુભાવોને ગમે તેવાં કૌભાંડોમાંથી વકીલો હેમખેમ ઉગારી શકે છે. એપસ્ટીન ફાઈલોમાં ઘણા ધુરંધરોના ફોટા છે, એમને મોજમજા કરવા માટે પોતાના એકાંત દ્વીપમાં લાવવા લઈ જવાની વ્યવસ્થા બાબતની વાતચીત છે. માલિશ હરહંમેશ સુખદ અનુભવ જ હોય છે એમાં પણ જ્યારે માલિશ કરનાર વિજાતીય યુવા વ્યક્તિ હોય ત્યારે તો એ સદેહે સ્વર્ગમાં પહોંચી ગયા હોઈએ એવું જ લાગે. આટલીબધી મોજ માણી લેનારા જ પાછા એપસ્ટીનને ગુનેગાર સાબિત કરી જેલમાં નાખી દે છે અને પોતે સાવ કોરેકોરા બહાર નીકળી જાય છે. આનું જ નામ માણસ. માણસથી વધારે દગાખોર પ્રાણી હજી પૃથ્વી પર પેદા થયું નથી. એ પોતાની ઇચ્છા તૃપ્ત કરવા કોઈ પણ હદે જઈ શકે છે. એ ઇચ્છા વ્યક્તિએ વ્યક્તિએ અલગ હોઈ શકે. પ્રેમીઓને અને રાજકીય મહેચ્છા ધરાવતા મહાનુભાવોને પોતાના પ્રતિસ્પર્ધીનું નામોનિશાન મિટાવી દેવા માટે બધા જ કારસા જાયઝ લાગે છે. એવરી થિંગ ઇઝ ફેર ઇન લવ એન્ડ વોર. લાગણીઓના ઉછાળા મારતા પ્રેમમાં કદાચ એટલી ક્રૂરતાને અવકાશ નથી પણ કામ ઝનૂની બની જાય છે ત્યારે એ બધી હદો વટાવી જાય છે. રોજેરોજ ગેંગરેપની જઘન્ય ઘટનાઓ બનતી રહે છે એ કામની નિકૃષ્ટ ફલશ્રુતિ જ હોય છે. ધંધો વિકસાવી લખલૂટ કમાણી કરવા માગતા એપસ્ટીનને કામ લુક્રેટિવ વ્યવસાય તરીકે સ્વીકારવા જેવો લાગ્યો હશે નહીંતર એણે આટલી હદે બદનામ થવા માટેની જીવનશૈલી શું કામ અપનાવી હોત! કામ માનવી માત્રની પ્રાકૃત વૃત્તિ છે અને કુદરતે એને વંશવેલો આગળ ચલાવવાના શુભાશયપૂર્વક જીવ માત્રમાં મૂકી છે એ હકીકત બધા જાણે છે. માણસને ભૂખતરસ લાગે છે એ જ રીતે કામ જાગે છે અને એને શમાવવા એ વિજાતીય પાત્ર તરફ દોટ મૂકે છે. એપસ્ટીનને આ વિશિષ્ટ ‘દોટ’ શરૂ શરૂમાં ફળી અને છેલ્લે નડી. એને જ નહીં, જરા લાંબી નજરે જોઈએ તો આખી દુનિયાને એ ગુનાખોરી પર પડદો પાડી દેવાની લ્હાયમાં વિકૃત માનસિકતાની પ્રતિક્રિયા સમી યુદ્ધ વિભીષિકા રૂપે બેરહેમીથી નડી. ભગવાન કૃષ્ણ કહે છે એમ કામાત્ ક્રોધોऽભિજાયતે। કામ ક્રોધ જન્માવે, ક્રોધ સંમોહ, સંમોહથી સ્મૃતિભ્રમ, સ્મૃતિભ્રંશથી બુદ્ધિનાશ અને એ પછી તો સર્વનાશ! જગત જમાદાર એમના સામેની કામ પ્રેરિત મુસીબતો પર ઢાંકપિછોડો કરવા વિશ્વયુદ્ધ સુદ્ધાં નોતરી શકે છે! ખરું પૂછો તો ચીન અને રશિયા સંયમ રાખીને ન બેસી રહ્યાં હોત તો અત્યારે ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું હોત.

એક સમયના બ્રિટિશ સમ્રાટનો જાજરમાન વારસ પદભ્રષ્ટ થઈ શકે એ તાકાત છે કમોતે મૂએલા એપસ્ટીનની મીઠીમધ છતાં ઝેરીલી મહેમાનગતિમાં!

પ્રેમ અને યુદ્ધ એક જ સિક્કાની બે બાજુઓ હોઈ શકે છે પરંતુ એમ કહીને પ્રેમની ઉદાત્ત છબીને ઝાંખી પાડવા કરતાં પ્રેમની જગ્યાએ કામ શબ્દ ગોઠવી દેવામાં ઔચિત્ય છે. જગતની મહાનાયક કક્ષાની વિભૂતિઓએ કામ સામે ઘૂંટણિયે પડીને કરુણ અંજામ નોતર્યાના દાખલા શોધવા જવું પડે એમ નથી. રાવણ અને દુર્યોધન કે પૃથ્વીરાજ ચૌહાણ જેવાં નામ તરત યાદ આવે. બલકે જેના નામે આખો દેવલોક થરથરતો હતો એવા દૈત્યના સંહાર માટે પણ દેવોએ ‘કામ’નો હથિયાર તરીકે ઉપયોગ કરી કાર્તિકેય જેવો યોદ્ધો જન્માવ્યો હતો! કામ વિશે કામ વગરની ચર્ચા કરવામાં પણ પ્રતિષ્ઠાનું જોખમ ઊભું થવાની સંભાવના છે. આ બધો જુગ જૂનો બંધબારણાનો ખેલ છે અને બારણું અધખૂલું રહી જાય કે એની તિરાડમાંથી કોઈ ડોકિયું કરી જાય તો વણજોઈતી વ્યથા અને ઉપાધિ ઊભી થવાની પણ સંભાવના રહે છે તેનું એપસ્ટીન ફાઈલો નેત્ર દીપક ઉદાહરણ છે. એપસ્ટીનને એની છેતરપિંડીનો ભોગ બનેલી કોલગર્લનું નિવેદન જ નડી ગયું નહીંતર એને કમોતે મરવું ન પડ્યું હોત બલકે બધું બાંધી મૂઠીના ભરમની રૂએ અગાઉ જેમ આજ પણ ચાલતું હોત. પાપ છાપરે ચઢીને પોકારે છે એ કહેવત અમથી તો નહીં જ પડી હોય!

જરા વધારે લાંબી નજરે વિચારો તો આ આખી પળોજણ એ માનવજાતે પેટ ચોળીને પેદા કરેલું શૂળ છે એમ પણ લાગે. કુદરતની જીવસૃષ્ટિનું માનવી સિવાયનું કોઈ સ્વરૂપ જમીન માટે,ઓઈલભંડારો કે ખનિજખજાના ખાતર ઝઘડા કરે છે ખરું? શેરીનાં કૂતરાં જરૂર આવો હક કરતાં શીખી જાય છે, એ કદાચ માનવજાતનો ચેપ હોય તો પણ કોને ખબર! માણસ સિવાય બીજો કોઈ જીવ વિરોધીને પીડા પહોંચાડવા તીરકામઠું, તલવાર- ભાલા અને બંદૂક કે તોપથી આગળ વધી અણુશસ્ત્રો સુધીની જમાવટ કરવા પાછળ મગજનું દહીં કરે છે ખરું? એ ખોરાક કે કામપૂર્તિ અથવા શિકાર માટે બહુ બહુ તો શિંગડાં લડાવશે, ચાંચો મારશે, નખોરિયાં ભરશે, બચકાં ભરી લેશે. માણસને મગજ આપીને કુદરતે વરદાનના પડીકામાં અભિશાપ બંધાવી આપ્યો હોય એવું નથી લાગતું શું?

અનુસંધાન પાના એકનું

## બહુશ્રુત

અહીં ધ્યેય માત્ર સમજાવવાનો નથી. તે મૂંઝવણ ઊભી કરવાનો છે. ચકાસણીને એટલી અસરકારક રીતે દબાવી દેવી કે વાસ્તવિકતાની દરેક આવૃત્તિ રાજકીય રીતે વાટાઘાટનો વિષય બની જાય.. આવા માહોલમાં, AI માત્ર યુદ્ધને જ નહીં પણ અસ્પષ્ટતા, ગુંચવણોને વેગ આપે છે.

ભારત અનેક અસ્થિર માહિતી અને સુરક્ષા ઈકોસિસ્ટમના સંગમ પર બેઠેલો દેશ છે: વિવાદિત સરહદો, મોટું અને ઘણી વાર વિસ્ફોટક બની જાય એવું ડિજિટલ જાહેર ક્ષેત્ર, અને એવી રાજકીય સંસ્કૃતિ જ્યાં વાયરલ નેરેટિવ્ઝ ઘણીવાર કલાકોમાં જ ફેક્ટ-ચેકિંગને પાછળ છોડી દે છે.

આપણને અનુભવ છે જ કે કેવી રીતે મેનીપ્યુલેટેડ વીડિયો અને સિન્થેટિક ઓડિયો ચૂંટણી અથવા કોમી તણાવ દરમિયાન જાહેર ચર્ચાને વિકૃત કરી શકે છે.

કલ્પના કરો કે આવી ગતિશીલતા AI-આધારિત યુદ્ધ સાથે ટકરાય. દૂરવર્તી સરહદ પર ડ્રોન હુમલામાં ભૂલ થાય છે. મિનિટોમાં, નરસંહારનો દાવો કરતા AI-જનરેટેડ ફૂટેજ ઓનલાઈન દેખાય છે. ડીપફેક્સ આ ઘટનાને કોમી હિંસા અથવા વિદેશી આક્રમણ તરીકે રજૂ કરે છે. મૂળ ઘટના કદાચ નાની, અસ્પષ્ટ, આકસ્મિક પણ હોઈ શકે. પણ નેરેટિવ કોઈ અજગરની માફક ભરડો લે અને સત્ય દબાઈ જાય, સંજોગો વિસ્ફોટક બની જાય.

ભારતની ઊર્જા સુરક્ષા આ જોખમમાં એક વધારાનું લેયર ઉમેરે છે. ભારતની ઊર્જા સુરક્ષા હોર્મુઝ જેવા ભૌગોલિક ચોકપોઈન્ટ્સ પર નિર્ભર છે, જ્યાં માત્ર લશ્કરી જ નહીં પણ ઈન્ફર્મેશન વોર પણ આંતરિક અસ્થિરતા લાવી શકે છે. ઈરાનથી બલૂચિસ્તાન સુધી ફેલાયેલા આ ક્ષેત્રમાં ઈન્ટેલિજન્સ નિષ્ફળતા માત્ર લશ્કરી તણાવ જ નહીં, પરંતુ ઈન્ફર્મેશન વૉર પણ છેડી શકે છે. આ સંજોગો ભારતના આંતરિક રાજકારણ પર અસર કરનારા સાબિત થાય તેમ બને. ટૂંકમાં એવા દિવસો દૂર નથી કે કોઈ કટોકટી યુદ્ધભૂમિના આંચકાથી નહીં પણ વાયરલ વીડિયોથી શરૂ થઈ જાય.

ભારત માટે હવે વ્યૂહાત્મક સ્વાયત્તતા (Strategic Autonomy) માત્ર હથિયારો કે તેલ પૂરતી મર્યાદિત નથી, તે હવે ‘અલ્ગોરિધમિક સ્વાયત્તતા’ સુધી લંબાવી પડશે. જો આપણી સુરક્ષા પ્રણાલી વિદેશી કોડિંગ અને પશ્ચિમી અલ્ગોરિધમ્સ પર નિર્ભર રહેશે, તો આપણું ‘Fog of War’ પણ કોઈ બીજાના સર્વરથી નક્કી થશે. ભારતને પોતાની એવી AI ઈકોસિસ્ટમની જરૂર છે જે આપણી જમીની હકીકત, આપણી ભાષા અને આપણી સામાજિક જટિલતાને સમજે, જેથી કોઈ વિદેશી ભૂલ કે ભ્રામક નેરેટિવ આપણી રાષ્ટ્રીય સુરક્ષાને અસ્થિર ન કરી શકે.

ભારત માટે, વ્યૂહાત્મક પડકાર આનાથી બમણો છે. પહેલાં તો, આપણે લશ્કરી AI ની આસપાસના વૈશ્વિક ધોરણોને આકાર આપવામાં ગંભીરતાથી ભાગ લેવો જોઈએ ‘સાર્થક માનવ નિયંત્રણ’ (Meaningful Human Control) નો સિદ્ધાંત માત્ર રાજદ્વારી સૂત્ર બનીને રહી જાય તો ન ચાલે. તેનું ઓડિટ કરી શકાય તેવું ઓવરસાઈટ સ્ટ્રક્ચર્સ હોવું જોઈએ. તેમાં મંજૂર માટે એકથી વધુ સ્તર હોવા જોઈએ, નિર્ણય પારદર્શક રીતે લેવાય તે માટેના રસ્તા સાફ હોવા જોઈએ અને જવાબદારીની પણ સ્પષ્ટ પદ્ધતિઓ હોવી જોઈએ. આ બધું ખાસ જરૂરી છે જ્યારે મશીનને આધારે થયેલું વિશ્લેષણ નાગરિકો માટે નુકસાન કરી શકે તેવી શક્યતાઓ નજર સામે હોય.

બીજું, લોકશાહી રાષ્ટ્રો અને સોસાયટીઝે અલ્ગોરિધમિક યુદ્ધના માહિતી સંબંધિત પરિણામો માટે સાબદા રહેવુ પડશે. દરેક પ્લેટફોર્મને પ્રોવેનન્સ સિસ્ટમ્સ, AI-જનરેટેડ વિઝ્યુઅલ્સ માટે વૉટરમાર્કિંગની જરૂર પડશે અને AI-જનરેટેડ વિગતો ડિજિટલ ઈકોસિસ્ટમ્સમાં ફેલાય તે પહેલા જો કોઈ સામગ્રી સાથે ચેડાં થયા હોય તો તે સામગ્રીને ઓળખવા માટે સક્ષમ ઝડપી વેરિફિકેશન નેટવર્ક પણ જોઈશે. આમાંથી કોઈ પણ પગલું છેતરપિંડી કે દુર્ઘટનાને નાબૂદ કરશે નહીં. યુદ્ધ ક્યારેય ટેક્નોલોજીકલ રીતે શુદ્ધ કે નૈતિક રીતે વ્યવસ્થિત રહ્યું નથી. પરંતુ અહીં ધ્યેય સંપૂર્ણતા નથી. ધ્યેય એ છે કે ભૂલથી કોઈ તણખો થાય તો તે ઝડપથી ભડકો ન બની જાય. AIના યુગમાં સૌથી મોટો વ્યૂહાત્મક પડકાર કદાચ એ જ એ જ છે કે ભૂલથી ખડા થયેલા સંકટના ચક્રને ધીમું પાડવાની સમજ અને સાવચેતી સત્તાધિશો પાસે કે નિર્ણય લેનારાઓ પાસે હોય.